
www.kamalamgujarat.com
Friday
23.10.2020
✳Volume :5 ✳ Issue No. 67
Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)





ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...
વંદે માતરમ્
# કમલમ્
વંદે માતરમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
GUJGUJ/2016/73451
✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# હું અબડાસાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાને ભવ્ય લીડથી વિજયી બનાવવા અબડાસાની જનતાને અપીલ કરવા આવ્યો છું. -શ્રી વિજયભાઈ રૂપાણી

## ગુજરાતમાં આજે પ્રજાની સરકાર એટલે કે ભાજપાની સરકાર છે. ખેડૂતો, ગરીબો, મહિલાઓ, યુવાનોની સરકાર છે. -શ્રી વિજયભાઈ રૂપાણી



રીપોર્ટ -અજય ખત્રી - કચ્છ

**કોંગ્રેસ દિશાહીન નેતૃત્વ, અંદરોઅંદરની ખેંચતાણ અને જૂથવાદની ચરમસીમાને કારણે કોંગ્રેસમાં રહેલા સંનિષ્ઠ લોકો, પ્રજાસેવકો હવે હતાશ અને નિરાશ થઈને કોંગ્રેસથી છેડો ફાડી રહ્યા છે, દેશભરમાં કોંગ્રેસ ધ્વસ્ત થઈ રહી છે.**

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત આજથી ચૂંટણી પ્રચારના મેદાનમાં: અબડાસાના ભાજપા ઉમેદવાર શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાના સમર્થનમાં જાહેર સભાને સંબોધી**

**પ્રજાને તો કોંગ્રેસના નેતૃત્વ અને નીતિ ઉપર કોઈ જાતનો ભરોસો નથી જ રહ્યો પરંતુ હવે કોંગ્રેસના નેતાઓને જ કોંગ્રેસ ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો છે. કોંગ્રેસ હવે સમાપ્ત થવાના આરે છે.**

**ગુજરાતમાં આજે પ્રજાની સરકાર એટલે કે ભાજપાની સરકાર છે. ખેડૂતો, ગરીબો, મહિલાઓ, યુવાનોની સરકાર છે.**

**'ગુંડાઓ ગુંડાગીરી છોડે અથવા ગુજરાત છોડે'ના સુત્ર સાથે રાજ્ય સરકારે ગુંડા એક્ટ લાવીને કાયદાઓને વધુ કડક કર્યા છે, ગેરકાયદે નાગરિકોની જમીન પચાવી પાડતા ભૂમાફિયાઓ લુખ્ખા તત્વોને બાનમાં લેવા માટે રાજ્ય સરકારે નવો કડક કાયદો બનાવ્યો છે.ગુજરાતની શાંતિ, સલામતી માટે ભાજપા સરકાર કટિબદ્ધ છે**

**કોંગ્રેસને ફક્ત પ્રજાના મતો માં જ રસ છે, પ્રજા માં કોઈ રસ નથી. મત લેવા વોટની રાજનીતિ કરી જ્ઞાતિ-જાતિમાં ઝઘડા કરાવી, સમાજો વચ્ચે વર્ગ-વિગ્રહ ઉભા કરાવી પોતાનો રાજકીય સ્વાર્થ સાધવો ફક્ત એ જ કોંગ્રેસનું કામ છે.**

**આઠેય વિધાનસભા પેટા ચૂંટણીઓનાં મતક્ષેત્રની જનતા ગુજરાતને વધુ સુખી, સંપન્ન,દરેક ક્ષેત્રે શ્રેષ્ઠ બનાવવા ભાજપાના તમામ ઉમેદવારોને વિજયી બનાવી સરકારને વધુ મજબૂતી પ્રદાન કરી પોતાનું યોગદાન આપે.**

કમલમ દૈનિક,

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ અબડાસા ખાતે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાના સમર્થનમાં આગામી વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત પ્રથમ જાહેર સભાને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ભાજપાના ઉમેદવારશ્રી શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી દિલીપસિંહ ઠાકોર, શ્રી વાસણભાઈ આહિર, પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલ, પ્રદેશ મંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, સંસદ સભ્યશ્રીઓ શ્રી પરબતભાઈ પટેલ, શ્રી નરહરિભાઈ અમીન, શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યશ્રીઓ, ઁૈંઢઝના ચેરમેનશ્રી બળવંતસિંહ રાજપુત, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, ભાજપા અગ્રણીશ્રીઓ, સ્થાનિક ભાજપા સંગઠનના હોદ્દેદારોશ્રીઓ અને વિશાળ સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**કોરોના મહામારીકાળમાં જ્યારે ભાજપાના કાર્યકર્તાઓ અને સરકાર જનતાની સેવામાં ખડેપગે હતા, ત્યારે કોંગ્રેસના ધારાસભ્યો જયપુરના રિસોર્ટમાં સ્વિમિંગ પુલમાં ધુબાકા મારતા હતા, અને હવે આજે કોંગ્રેસ ચૂંટણી ટાણે ઘેર ઘેર જઈને મત માંગવા નીકળી છે.**

**જયારે કચ્છ સહિત ગુજરાતનો ખેડૂત પાણી માટે વલખા મારતો હતો ત્યારે ૭૦ વર્ષો સુધી કોંગ્રેસે ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર યોજનાને કેમ લટકાવી રાખી?, સાત વર્ષો સુધી ડેમના દરવાજા લગાડવાની મંજુરી કેમ ન આપી**

**ગુજરાતના પનોતા પુત્ર અને દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન બન્યાના ૧૭ દિવસમાં જ નર્મદા ડેમના દરવાજા લગાડવાની મંજુરી આપી તો કોંગ્રેસને આટલા વર્ષોથી આ પરવાનગી આપવા માટે કોણ રોકી રહ્યું હતું?**

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, મા અંબાની આરાધનાના પર્વ નવરાત્રિનું આજે છઠ્ઠું નોરતું છે, માં કાત્યાયનીની આરાધનાનું નોરતું છે, હું આજે માં આશાપુરાના, માં ચેહરના સાનિધ્યમાં આવ્યો છું અને પ્રથમ જાહેર સભાને અબડાસાની પવિત્ર ધરતી ઉપરથી સંબોધન કરી રહ્યો છું ત્યારે આવો આપણે સૌ પ્રાર્થના કરીએ કે ભય, રોગ, સંતાપ દૂર થાય, આસુરી શક્તિનો નાશ થાય, સત્યનો વિજય થાય. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની નેતાગીરી નિષ્ફળ સાબિત થઈ છે, કોંગ્રેસમાં રહેલા સંનિષ્ઠ લોકો, પ્રજાસેવકો કોંગ્રેસમાં પ્રવર્તી રહેલી તીવ્ર આંતરિક જૂથબંધીને કારણે હતાશ થઈને કોંગ્રેસ સાથેથી પોતાનો છેડો ફાડી રહ્યા છે. કોંગ્રેસમાં રહીને હવે જનતાના કામ નહીં થઈ શકે તેઓ ભાવ કોંગ્રેસના જનપ્રતિનિધિઓમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. ફક્ત ગુજરાતમાં જ નહીં દેશમાં ઠેર ઠેર કોંગ્રેસ તૂટી રહી છે, તાજેતરમાં મધ્યપ્રદેશમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા સહિત ૨૩ ધારાસભ્યોએ કોંગ્રેસ સાથે પોતાનો છેડો ફાડયો, રાજસ્થાનમાં સચિન પાયલટ જેવા મોટા નેતા પણ કોંગ્રેસ છોડવાના આરે આવી ચૂક્યા હતા, કોંગ્રેસના કહેવાતા મોટા ૨૩ નેતાઓએ લખીને મોવડીમંડળ સામે પોતાની નારાજગી વ્યક્ત કરી છે, અત્યાર સુધી કોંગ્રેસના ૭૦ વખત ભાગલા પડી ચૂક્યા છે. કોંગ્રેસ દિશાહીન નેતૃત્વ, અંદરોઅંદરની ખેંચતાણ અને જૂથવાદ ની ચરમસીમાને કારણે દેશભરમાં ધ્વસ્ત થઈ રહી છે. પ્રજાને તો કોંગ્રેસના નેતૃત્વ અને નીતિ ઉપર કોઈ જાતનો ભરોસો નથી જ રહ્યો પરંતુ હવે કોંગ્રેસના નેતાઓને જ કોંગ્રેસ ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો છે. કોંગ્રેસ હવે સમાપ્ત થવાના આરે છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આજે પ્રજાની સરકાર એટલે કે ભાજપાની સરકાર છે, ખેડૂતો, ગરીબો, મહિલાઓ, યુવાનોની સરકાર છે. રાજ્યની ભાજપ સરકારે રાજ્યમાં વસતા દરેક વર્ગો માટે અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓને અમલમાં મૂકી છે, ગુજરાતની શાંતિ, સલામતી માટે ભાજપા સરકાર કટિબદ્ધ છે. 'ગુંડાઓ ગુંડાગીરી છોડે અથવા ગુજરાત છોડે'ના સુત્ર સાથે રાજ્ય સરકારે ગુંડા એકટ લાવીને કાયદાઓને વધુ કડક કર્યા છે, ગેરકાયદે નાગરિકોની જમીન પચાવી પાડતા ભૂમાફિયાઓ લુખ્ખા તત્વોને બાનમાં લેવા માટે રાજ્ય સરકારે નવો કડક કાયદો બનાવ્યો છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીકાળમાં જ્યારે ભાજપાના કાર્યકર્તાઓ અને સરકાર જનતાની સેવામાં ખડેપગે હતા, ત્યારે કોંગ્રેસના ધારાસભ્યો જયપુરના રિસોર્ટમાં સ્વિમિંગ પુલમાં ધુબાકા મારતા હતા, અને હવે આજે કોંગ્રેસ ચૂંટણી ટાણે ઘેર ઘેર જઈને મત માંગવા નીકળી છે. કોંગ્રેસને ફક્ત પ્રજાના મતો માં જ રસ છે, પ્રજા માં કોઈ રસ નથી. મત લેવા વોટની રાજનીતિ કરી જ્ઞાતિ-જાતિમાં ઝઘડા કરાવી, સમાજો વચ્ચે વર્ગ-વિગ્રહ ઉભા કરાવી પોતાનો રાજકીય સ્વાર્થ સાધવો ફક્ત એ જ કોંગ્રેસનું કામ છે. પ્રજા બધું જાણે છે એટલે આ પેટાચૂંટણીમાં પ્રજા કોંગ્રેસને જાકારો આપશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. કોંગ્રેસે મુસલમાનોનો ફક્ત વોટબેંક તરીકે જ ઉપયોગ કર્યો છે, તેમના માટે કાંઈ કર્યું નથી, અબડાસાનો મુસ્લિમ સમાજ પણ આ બાબત સુપેરે સમજી ગયો છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, જ્યારે કચ્છ સહિત ગુજરાતનો ખેડૂત પાણી માટે વલખા મારતો હતો ત્યારે ૭૦ વર્ષો સુધી કોંગ્રેસે ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર યોજનાને કેમ લટકાવી રાખી, સાત વર્ષો સુધી ડેમના દરવાજા લગાડવાની મંજુરી



**હું અબડાસાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાને ભવ્ય લીડથી વિજયી બનાવવા અબડાસાની જનતાને અપીલ કરવા આવ્યો છું.**

કેમ ન આપી?, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન બન્યાના ૧૭ દિવસમાં જ નર્મદા ડેમના દરવાજા લગાડવાની મંજુરી આપી તો કોંગ્રેસને આટલા વર્ષોથી આ પરવાનગી આપવા માટે કોણ રોકી રહ્યું હતું? આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપાની નર્મદા ડેમ યોજના પ્રત્યેની પ્રતિબધ્ધતાને કારણે જ આજે મા નર્મદાના નીર કચ્છ સુધી પહોંચ્યા છે. કચ્છને પાણીદાર બનાવવા ભાજપા સરકાર કટિબદ્ધ છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસને ખેડૂતો વિશે કઈ બોલવાનો અધિકાર જ નથી, ખેડૂતોને ન તો પાણી આપ્યું, ન તો વીજળી આપી, નતો ખાતરની પૂરતી વ્યવસ્થા કરી,ન તો ટેકાના ભાવથી ખેડૂતોના પાકની ખરીદી કરી અને હવે જ્યારે કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારો ખેડૂતોને વધુ સુખી સંપન્ન બનાવવા માટે ખેડૂતો માટે ઐતિહાસીક નિર્ણયો કરી રહી છે, ત્યારે કોંગ્રેસ પાણીમાંથી પોરા કાઢવાનું કામ કરી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૫ હજાર કરોડથી વધુની ખેત પેદાશોની ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. રાજ્યના ગરીબ અને જરૂરિયાતમંદની ચિંતા પણ સરકારે કરી છે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા હેઠળ વધુ ૫૦ લાખ નાગરિકોને સમાવેશ કરી રાહત દરે અનાજ આપવાની જાહેરાત પણ કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આજે હું અબડાસાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાને ભવ્ય લીડથી વિજયી બનાવવા અબડાસાની જનતાને અપીલ કરવા આવ્યો છું, કોંગ્રેસને આ ચૂંટણીમાં પરાજિત કરી તેની કમરને છેલ્લો ખીલો ઠોકવાનો સમય આવી ચુક્યો છે ત્યારે આઠેય વિધાનસભા પેટા ચૂંટણીઓનાં મતક્ષેત્રની જનતા ગુજરાતને વધુ સુખી, સંપન્ન,દરેક ક્ષેત્રે શ્રેષ્ઠ બનાવવા ભાજપાના તમામ ઉમેદવારોને વિજયી બનાવી સરકારને વધુ મજબૂતી પ્રદાન કરી પોતાનું યોગદાન આપે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અબડાસા ખાતે સામાજિક અગ્રણીઓ, પ્રબુદ્ધ નાગરિકો, વિવિધ સમાજના શ્રેષ્ઠીઓ સાથે પણ મહત્વની ચૂંટણીલક્ષી બેઠક યોજી હતી.

**કોંગ્રેસને ખેડૂતો વિશે કઈ બોલવાનો અધિકાર જ નથી, ખેડૂતોને ન તો પાણી આપ્યું, ન તો વીજળી આપી, નતો ખાતરની પૂરતી વ્યવસ્થા કરી,ન તો ટેકાના ભાવથી ખેડૂતોના પાકની ખરીદી કરી અને હવે જયારે કેન્દ્ર અને રાજયની ભાજપ સરકારો ખેડૂતોને વધુ સુખી સંપન્ન બનાવવા માટે ખેડૂતો માટે ઐતિહાસીક નિર્ણયો કરી રહી છે, ત્યારે કોંગ્રેસ પાણીમાંથી પોરા કાઢવાનું કામ કરી રહી છે.**

# મોરબી માળીયા વિધાનસભા બેઠકની પેટા ચુંટણી માટે ૧૨-જામનગર લોકસભાના સાંસદશ્રી પૂનમબેન માડમ ના પ્રચાર પ્રવાસ અને મીટીંગ- મુલાકાત-સભાઓ ને ઉમળકાભેર પ્રતિસાદ

## રાજયસરકારના મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા સાથે વિવિધ સમાજના આગેવાનો-વડીલો-ભાઈઓ-બહેનો નો સઘન લોકસંપર્ક



કમલમ દૈનિક, જામનગર

૧૨-જામનગર લોકસભાના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ દ્વારા મોરબી માળીયા વિધાનસભા બેઠકની પેટા ચુંટણીના પ્રચાર માટે જુદા જુદા ગામો અને વિસ્તારોમા પ્રવાસ યોજવામા આવ્યો અને રાજ્ય સરકારના મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડા સાથે વિવિધ સમાજના આગેવાનો વડીલો ભાઈઓ બહેનો સાથે મુલાકાત યોજી સભાઓ યોજી લોકસંપર્ક કરી શ્રી બ્રિજેશભાઈ મેરજાને જંગી બહુમતીથી જીતાડવા સૌ ને અપીલ કરી તે દરમ્યાન રાજ્ય સરકારશ્રી અને કેન્દ્ર સરકારશ્રીના પ્રજાલક્ષી કાર્યો ગ્રામ્ય વિસ્તારોની તેમજ શહેરી વિસ્તારોની કાયાપલટ માટે થયેલા વિકાસ કામો ખેડૂતલક્ષી મહત્વના નિર્ણયો તેમજ જન જન ની સુવિધાઓના કામો દ્વારા ભારતીય જનતા પાર્ટીની સરકારનો જનસેવાનો મુળમંત્ર ની લોકો સમક્ષ છણાવટ કરી પ્રચંડ જનમત નો નમ્ર અનુરોધ કર્યો હતો જે માટે મોરબીમા તેમજ નાની બરાર મોટી બરાર દહીસરા વવાણીયા જસાપર સહિતના ગામોના પ્રવાસ દરમ્યાન સાંસદ શ્રી પૂનમબેન માડમના પ્રવાસમા લોકોનો ઉમળકોજોવા મળ્યો હતો તેમજ આહિરસમાજની પણ વિશેષ બેઠકો યોજી હતી તેવીજ રીતે બોટાદ જિલ્લાના ગઢડાનો પ્રવાસ પણ યોજાયો છે

# ડાંગ જિલ્લામાં વિધાનસભાની પેટા ચૂંટણીના ભાગરૂપે ભાજપે વઘઈ તાલુકાના કાલીબેલ વિસ્તારમાં કેબિનેટ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાની અધ્યક્ષતામાં સભા યોજી હતી



કમલમ દૈનિક,

ડાંગ વિધાનસભાની યોજાનાર પેટા ચૂંટણી અંતર્ગત બુથ પ્રચાર પ્રવાસ ના કાર્યક્રમમાં વિધાનસભા ની પેટા ચૂંટણીમાં ભાજપ દ્વારા વઘઈ તાલુકાના કાલીબેલ વિસ્તારમાં કેબિનેટ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાની અધ્યક્ષતામાં શક્તિ કેન્દ્ર પર બુથ સમિતિ, પેજ પ્રમુખો, કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાઈ હતી

જયારે હોદેદારો દ્વારા બેઠકમાં ભારતીય જનતા પાર્ટીના ડાંગ વિધાનસભાના ઉમેદવાર વિજયભાઈ પટેલને જીતાવવા માટે આહવાન કરાયું હતું

ભાજપના કાર્યક્ર્તાઓને આ પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવારને જીતાડવા માઈક્રોપ્લાનીંગ અને ડોર-ટૂ-ડોર, ઘેર-ઘેર અને ડેલી એ ડેલીએ સંપર્ક કરવા કાર્યક્ર્તાઓને હાકલ કરી હતી જયારે કાર્યકરો અને યુવાનો,વડિલો ,બહેનોએ ડાંગ પેટા ચૂંટણીના ઉમેદવાર શ્રી વિજયભાઈ પટેલને વિધાનસભા ચૂંટણીમાં સાથ આપવા સંકલ્પ વ્યક્ત કર્યો હતો કેબિનેટ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાની અધ્યક્ષતામાં ગુજરાત વિધાનસભાના નાયબ દંડકશ્રી આર.સી.પટેલ, ડાંગ જિલ્લા સંગઠન પ્રભારી કરશનભાઈ પટેલ,માજી ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, વિરોધ પક્ષના નેતા તાપી જિલ્લા પંચાયત મોહનભાઈ કોંકણી, સનતભાઈ ચૌધરી માજી તાલુકા પંચાયત સદસ્ય, કાલીબેલ જીલ્લા પંચાયત ઈન્ચાર્જ સુભાષભાઈ ગાઈન, મહામંત્રી કિશોરભાઈ ગાવીત, રિતેશભાઈ પટેલ, અરવલ્લી જીલ્લાના રિટાયર્ડ આઈપીએસ ઓફિસર પી.સી બરંડા, શૈલેષભાઈ, સંકુતલા બેન પાડવી,યુવા મોરચા ઉપપ્રમુખ કમલેશ ભાઈ ભોયે, દક્ષા બેન, કમળા બેન ચૌધરી,નવસારી જિલ્લા પંચાયત ના માજી પ્રમુખ દિનેશભાઈ,વાંસદા તાલુકાના ગણપતભાઈ માહલા, તાપી જિલ્લાના સંજયભાઈ ગામીત, અમીતભીઈ, ટવીંકલ ભાઈ, તાલુકા પંચાયત ના ઈન્ચાર્જો, કાર્યકર્તાઓ સહિત આદિવાસી સમાજના વડિલો, ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

## તંત્રી સ્થાનેથી......

ભારતે બીજુ એક સીમાચિહ્ન પાર કરતા, છેલ્લા ત્રણ દિવસમાં દૈનિક પોઝિટિવિટી રેટ પણ ૫% કરતા પણ ઓછા જાળવવામાં આવ્યો છે જે દર્શાવે છે કે કેન્દ્ર અને રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોની કેન્દ્રિત વ્યૂહરચનાઓ અને ક્રિયાઓ દ્વારા ચેપનો ફેલાવો અસરકારક રીતે રોકવામાં આવી રહ્યો છે. આજે, દૈનિક પોઝિટિવિટી રેટ ૩.૮% હોવાનો અહેવાલ છે. દૈનિક પોઝિટીવીટી દરમાં ઘટાડો એક સાથે ઘટી રહેલા સક્રિય કેસ દ્વારા મેપ કરવામાં આવે છે, સક્રિય કેસ આજે ૭.૫ લાખ(૭,૧૫,૮૧૨) થી ઓછા રહ્યા છે. કુલ સાજા થયેલા કેસ ૬૯ લાખ (૬૮,૭૪,૫૧૮) થઈ ગયા છે. સક્રિય કેસ અને કુલ સાજા થયેલ કેસ વચ્ચેનો તફાવત સતત વધી રહ્યો છે અને આજે ૬૧,૫૮,૭૦૬ છે.છેલ્લા ૨૪ કલાકમાં ૭૯,૪૧૫ દર્દીઓ સ્વસ્થ થઈ ગયા છે અને તેમને રજા આપવામાં આવી છે જ્યારે નવા પુષ્ટિ થયેલા કેસો ૫૫,૮૩૯ છે. રાષ્ટ્રીય સાજા થવાનો દર ૮૯.૨૦% થયો છે. નવા સાજા થયેલા કેસમાંથી ૮૧% કેસ ૧૦ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્રિત હોવાનું મનાય છે. એક જ દિવસમાં સાજા થયેલા કેસમાં મહારાષ્ટ્રનો ૨૩,૦૦૦ થી વધુનું ફાળો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૫,૮૩૯ નવા પુષ્ટિ થયેલ કેસ નોંધાયા છે. આમાંના ૭૮% કેસ ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના છે. મહારાષ્ટ્ર અને કેરળમાં નવા ૮૦૦૦ કેસ નોંધાયા છે, ત્યારબાદ કર્ણાટકમાં ૫૦૦૦થી વધુ કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૦૨ લોકોના મૃત્યુ નોંધાયા છે. તેમાંથી, લગભગ ૮૨% કેસ દસ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશમાં કેન્દ્રિત છે. નોંધાયેલા નવા મૃત્યુઆંકમાંથી ૨૫% થી વધુ મહારાષ્ટ્રના છે (૧૮૦ મૃત્યુ).

# નોરતા ખાતે આંતરરાષ્ટ્રીય દિકરી દિવસની ઉજવણીના ભાગરૂપે બેટી બચાવો બેટી પઢાઓ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

### જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વ્હાલી દિકરી યોજનાના હુકમ તથા બેબી કીટનું વિતરણ કરવામાં આવ્યું

કમલમ દૈનિક, પાટણ

આંતરરાષ્ટ્રીય દિકરી દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી વિનુભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને નોરતા ખાતે બેટી બચાવો બેટી પઢાઓ અંતર્ગત કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં કન્યા લક્ષ્મી પૂજન કરી વ્હાલી દિકરી યોજનાના હુકમો તથા બેબીકીટનું વિતરણ કરવામાં આવ્યું.






આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીએ જણાવ્યું કે, દિકરી એ પરિવારની સાચી મૂડી છે. દિકરી તેના પિતાનું અને લગ્ન બાદ તેના પતિનું ઘર તારે છે. આજના જમાનામાં દિકરીઓ સફળતાના ઉચા શિખરો સર કરી રહી છે ત્યારે સૌએ દિકરીના જન્મને વધાવી, તેને યોગ્ય પાલન-પોષણ અને યોગ્ય શિક્ષણ અપાવવું જરૂરી છે. પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.પારેખે જણાવ્યું કે, જાણે-અજાણે ઘણા લોકો ગર્ભપાત જેવી ગુનાઈત પ્રવૃત્તિ તરફ વળે છે. જે ખૂન જેટલો ગંભીર ગુનો છે. આવા સમયે લોકફાળો એકત્ર કરી આ રકમ દિકરીને જન્મ આપનાર દંપતિને પ્રોત્સાહિત કરવા ફિક્સ ડિપોઝીટ તરીકે આપવાની પહેલ પ્રેરણાદાયી છે.

આ જ બાબત ગ્રામજનોના ઉચ્ચ નૈતિક મૂલ્યોને ઉજાગર કરે છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અને જિલ્લા વહિવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે પાટણના બેટી બચાવો બેટી પઢાવો સેલ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં નોરતા આશ્રમના મહંતશ્રી દોલતરામ બાપુની ઉપસ્થિતિમાં દિકરી વધામણા કરી કન્યા લક્ષ્મી પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વ્હાલી દિકરી યોજનાના હુકમો તથા બેબી કીટનું મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે બોરસણ ગામના બે સખીમંડળોને મહિલા ઉત્કર્ષ યોજનાના હુકમનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. નોરતાના ગ્રામજનો દ્વારા લોકફાળો એકત્ર કરી દિકરીને જન્મ આપનાર માતાઓને ફિક્સ ડિપોઝીટ રૂપે મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવી. દિકરીઓના સન્માનના પ્રતિકરૂપે પુણે ખાતે યોજાયેલી મેરેથોનમાં ભારતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર હાજીપુરની દોડવીર નિરમાબેન ઠાકોરનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું.

ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ બેટી બચાવોના શપથ ગ્રહણ કરી દિકરીઓના જન્મને આવકારનો ભાવ પ્રકટ કર્યો હતો. આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક અધિકારી સુશ્રી રમિલાબેન રાઠોડ, મહિલા કલ્યાણ અધિકારી સુશ્રી નિલમબેન રાવલ, બાળ સુરક્ષા અધિકારીશ્રી કેતનભાઈ પ્રજાપતિ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી શૈલેષભાઈ પટેલ, આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઑફિસર સુશ્રી ઉર્મિલાબેન પટેલ સહિતના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, નોરતા ગામના સરપંચશ્રી તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડા પોલીસ સ્ટેશનમાં કેમ્પ યોજાયો

### "રક્તદાન એ શ્રેષ્ઠ દાન" પુરવાર કર્યું : પોલીસ શહીદ દિને રક્ત ૯૦ બૉટલ એકત્રિત કર્યું




કમલમ દૈનિક, ભિલોડા

૨૧મી ઓકટોબરના દિવસને પોલીસ શહીદ દિનના દિવસે અરવલ્લી જીલ્લામાં જીલ્લા પોલીસ તંત્ર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ઉપક્રમે પોલીસ કર્મીઓએ પોતાની ફરજની સાથે સાથે દેશ ભક્તિ અને રાષ્ટ્ર પ્રેમને સમર્પિત થઈને કોરોનાના આ કપરા સમયે લોકોની મદદ માટે બ્લડ ડોનેશનનું ઉમદા કાર્ય કર્યુંહતું.ભિલોડા પોલીસ સ્ટેશનમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતની રાહબરી હેઠળ "રક્તદાન મહાદાન...ટીપે ટીપે જીવતદાન"ની યુક્તિને સાર્થક લોકોને પ્રેરણા આપી હતી.પોલીસ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સયુંકત ઉપક્રમે કોરોનાની મહામારી વચ્ચે લોકો બ્લડ ડોનેશન કરતા ખચકાટ અનુભવી રહ્યા છે ત્યારે દર્દીઓ અને જરૂરિયાતમંદ માટે લોહીની ખપતના પડે તે માટે બ્લડ ડોનેશન કેમ્પ યોજ્યો હતો. ભિલોડા પોલીસ સ્ટેશનમાં રક્તદાન કેમ્પ રાખવામાં આવ્યોહતો. સોશિયલ ડિસ્ટન્સ રાખીને તેમજ સૅનેટાઈઝ મશિન મૂકીને પુરી તકેદારી રાખવામાં આવી હતી. સવારે ૯:૩૦ વાગ્યા થી સાંજે ૪ વાગ્યા સુધી પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, ટી.આર.બી,હોમગાર્ડ જવાનો અને સ્વૈચ્છીક સંસ્થાઓના કાર્યકર્તાઓ અને રક્તદાતાઓએ ઉમળકાભેર રક્તદાન કેમ્પમાં રક્ત દાન કર્યું હતું.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ કે.કે રાજપૂત તેમની ટીમે અને ભિલોડા ગ્રામ ની યુવા ટિમ રક્તદાન માટે ભારે જહેમત ઉઠાવી હતી. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન ભરત પરમાર અને તેમની ટીમે ત્રણ સ્થળે રક્તદાતાઓ માટે મેડિકલ ટીમ સાથે સુસજ્જ બની સુવિધા પુરી પાડી ઉમદા કાર્ય કર્યું હતું. પોલીસ દ્વારા કોરોનાના આવા સમયે લોકોની મદદ કરવાના આશયથી સતત ભગીરથ કાર્યો કરવામાં આવે છે. આ બ્લડ ડોનેશન મારફતે લોકોને નવજીવન માટે કામ લાગશે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરાવલ્લીએ રક્તદાતાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

# ગુજરાતના આરોગ્ય, પ્રવાસન અને ખેડૂતો માટેના વિવિધ પ્રકલ્પોનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તા.૨૪મી ઓક્ટોબરે વર્ચ્યુઅલી કરાવશે શુભારંભ : નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ

### મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ જૂનાગઢ ખાતે તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ અને મહેસૂલ મંત્રી શ્રી યુ.એન.મહેતા હોસ્પિટલ અમદાવાદ ખાતે રહેશે ઉપસ્થિત



**ખેડૂતોને દિવસે વીજળી આપવાની ''કિસાન સૂર્યોદય યોજનાના પ્રથમ તબક્કાનું કરાશે લોકાર્પણ**

કમલમ દૈનિક,

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતના મહત્વના આરોગ્ય, પ્રવાસન અને ખેડૂતોને લગતા વિવિધ પ્રકલ્પોનો દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી આગામી તા.૨૪મી ઓકટોબરે દિલ્હીથી વર્ચ્યુઅલી શુભારંભ કરાવશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ જૂનાગઢ ખાતે તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ અને મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલ અમદાવાદ ખાતે ઉપસ્થિત રહી સહભાગી બનશે. નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યુ કે, એશિયાની સૌથી મોટી સિવીલ હોસ્પિટલ અમદાવાદ કેમ્પસમાં કાર્યરત યુ.એન.મહેતા હાર્ટ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટને રૂા. ૪૭૦ કરોડના ખર્ચે વધુ સુસજ્જ બનાવીને અત્યાધુનિક સાધન-સારવારથી સજ્જ કરાઇ છે. જેમાં હૃદયરોગની શ્રેષ્ઠ સારવાર આપવામાં આવી રહી છે. જેમાં ૮૫૦ પથારીની સુવિધા ઉપલબ્ધ બની છે. ઉપરાંત નાના બાળકોકે જન્મતાની સાથે કે જન્મ્યા બાદ હૃદયની બિમારી ધરાવતા હોય તેમને હૃદયરોગની સારવાર આપવા માટે અલાયદી વ્યવસ્થા આ હોસ્પિટલમાં ઉભી કરાઇ છે જેનું લોકાર્પણ વડાપ્રધાનશ્રી દ્વારા કરાશે.

**રૂા.૪૭૦ કરોડના ખર્ચે અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલને ૮૫૦ પથારી સાથે વધુ સજ્જ બનાવાઈ: બાળકો માટેની અલાયદી હૃદયરોગની સારવાર ઉપલબ્ધ**

તેમણે ઉમેર્યુ કે, દેશના સૌથી મોટા રોપ વે-ગિરનાર રોપવેનું પણ આ જ દિવસે લોકાર્પણ કરાશે. ગિરનારની ટોચ પર આવેલા ભગવાન દત્તાત્રેયના દર્શન માટે ૧૦ હજારથી વધુ પગથિયા ચડીને જવું પડતુ હતું. એમાંથી યાત્રિકો-વૃદ્ધો , બાળકોને મુક્તિ મળશે અને રોપવેના દ્વારા દર્શનનો લાભ લઈ શકશે. સાથે સાથે ગુજરાતના ઘરેણા સમાન એશિયાટીક લાયન જોવા માટે લાખ્ખો પર્યટકો દર વર્ષે ગુજરાત આવે છે તેમના માટે પણ આ રોપ વે નું નવું નજરાણું આહલાદક બની રહેશે. રોપ વે ધ્વારા ગીરનારના જંગલને જોવાનો અનેરો લ્હાવો પર્યાવરણ પ્રેમીઓને મળશે જેના લીધે રાજ્યના પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે. તથા સ્થાનિક કક્ષાએ વધુ રોજગારીનું પણ સર્જન

**દેશના સૌથીમોટા ગિરનાર રોપવેનું કરાશે લોકાર્પણ : ભગવાન દત્તાત્રેયના દર્શનના લ્હાવા સાથે કુદરતી સાનિધ્ય માણવા નવું નજરાણું**

થશે. નાયબ મુખ્યમંત્રી શ્રીએ ઉમેર્યુ કે,રાજ્યના ખેડૂતોની વર્ષો જૂની માંગણી ખેતીમાં સિંચાઈની સુવીધા મળે માટે દિવસે વીજળી આપવાની હતી તે માંગણી પણ સરકારે સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. પ્રથમ તબક્કામાં પાટણ, ગીર સોમનાથ અને દાહોદ જિલ્લાના અંદાજે બે થી ત્રણ હજાર ગામડાંઓના ખેડૂતોને સિંચાઈ માટે દિવસે વીજળી પુરી પાડતી ''કિસાન સૂર્યોદય યોજનાહ્લહ્લનો પણ આ જ દિવસે વડાપ્રધાનશ્રી દ્વારા શુભારંભ કરાવાશે. આમ, રાજ્યના નાગરિકોને આરોગ્ય, પ્રવાસન અને ખેડૂતો માટેની સિંચાઈ સુવીધા માટેના આ પ્રકલ્પોનું લોકાર્પણ થતાં રાજ્યના નાગરિકોની સુખાકારી વધશે અને વધુને વધુ સવલતો મળતી થશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

## સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે

### "બટાટાની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તેમજ તેમાં આવતા રોગ અને જીવાતની ઓળખ અને નિયંત્રણ" વિષય ઉપર ઓનલાઇન ખેડૂત તાલીમ યોજાઇ



કમલમ દૈનિક,

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી હેઠળ ચાલતી ''નોલેજ ડીસેમીનેશન થ્રુ ડીસ્ટન્સ લર્નીગ'' અને ''હોલીસ્ટીક એપ્રોચ ઓફ એગ્રીકલ્ચર ડેવલપમેન્ટ થ્રુ એડોપ્ટેડ વિલેજીસ ઈન નોર્થ ગુજરાત'' યોજનાઓ અંતર્ગત ''બટાટાની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તેમજ તેમાં આવતા રોગ અને જીવાતની ઓળખ અને નિયંત્રણ'' વિષય ઉપર ઓનલાઈન ખેડૂત તાલીમનું આયોજન તા. ૨૧/૧૦/૨૦૨૦ ના રોજ યુ-ટયુબના માધ્યમથી કરવામાં આવ્યુ. તેમાં કુલ મળી ૩૯૮ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધેલ. તાલીમની શરૂઆતમાં શ્રી એસ.એમ.પટેલ, મદદનીશ પ્રાધ્યાપક અને યોજના ઈન્ચાર્જશ્રીએ સૌને આવકારી તાલીમનું મહત્વ સમજાવેલ. તાલીમમાં ડૉ. આર.એન.પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક, બટાટા સંશોધન કેન્દ્રએ બટાટાના પાક વિશે વાવણીથી કાપણી સુધીની તમામ બટાટાની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તથા દેશ-દુનિયા તથા ગુજરાતમાં બટાટાની વર્તમાન સ્થિતી વિષે ખેડુતોને સહ વિસ્તાર સમજ આપી. ત્યારબાદ શ્રી જે.કે.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, બટાટા સંશોધન કેન્દ્રએ બટાટાના પાકમાં આવતા રોગો જેવા કે કોમન સ્કેબ, આગોતરો સુકારો, પાછોતરો સુકારો, ગંઠવા કૃમી અને બટાટાના કટકાનો કોહવારો તથા જીવાતો જેવી કે પાન ખાનારી ઈયળ, થડ કાપનારી ઈયળ, મોલ ક્રિકેટ અને ચુસિયા પ્રકારની જીવાતો વગેરેની ઓળખ અને નિયંત્રણના પગલાં તેમજ બટાટાની બીજ ઉત્પાદન પધ્ધતિ અંગેની સઘળી માહિતી ખેડૂતોને આપેલ. તાલીમના અંતમાં શ્રી એસ.એમ.પટેલ, મદદનીશ પ્રાધ્યાપક, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીએ સૌનો આભાર માની તાલીમ પુર્ણ જાહેર કરેલ. તાલીમનું સફળ આયોજન શ્રી એસ.એમ.પટેલ, મદદનીશ પ્રાધ્યાપક, ડૉ. જે.કે.પટેલ, તાલીમ સહાયક, પ્રીપેરિંગ મલ્ટીમીડીયા લર્નિંગ મોડ્યુલ્સ સેલ અને યોજનામાં કામગીરી કરતા એસ.આર.એફ. દ્વારા કરવામાં આવ્યું.

# રાજ્ય કક્ષા નાં વન અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી. રમણ ભાઈ પાટકર જી કપરાડા વિધાનસભા ની પેટા ચૂંટણી અંતર્ગત કરચોડ જીલ્લા પંચાયત વિસ્તાર માં આપણા લોકપ્રિય ઉમેદવાર શ્રી. જીતુભાઇ ચૌધરી સાથે સઘન ચૂંટણી પ્રચાર કરેલ

### કરચોડ અરસ્ટોલ , કરસ્ટોનીચા , કેતકી –ઉમલી , , દહીખેડ , શુક્લબારી, હૈદલબારી , વિગેરે ગામો માં ખૂબ મોટી સંખ્યા માં લોકો ઉપસ્થિત રહેલ



કમલમ દૈનિક,

કપરાડા ભાજપ પ્રમુખ ગુલાબ ભાઈ રાઉત , જીલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્ર ચૌધરી , એ દરેક ગામો માં સ્વાગત , આભાર વિધિ કરેલ , ઉમેદવાર જીતુ ભાઈ ચૌધરી એ ખૂબજ પ્રેરક પ્રવચન કરતાં જણાવેલ કે મારા કપરાડા મત વિસ્તાર નાં સર્વાંગી વિકાસ માટે જ હું ભાજપ માં જોડાયેલ છું , આપણા ગુજરાત નાં પનોતા પુત્ર એવા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી જી ની વિકાસ યાત્રા માં સામેલ થઈ મારા આદિવાસી ભાઈ - બહેનો અને સમગ્ર વિસ્તાર ની પ્રજા વિકાસ યાત્રા માં પાછળ ન રહે એ જ મારો ઉદ્દેશ છે , મંત્રીશ્રી એ ઉદબોધન માં જણાવેલ કે જીતુભાઇ કસાયેલા અનુભવી ચાર ટર્મ થી ધારાસભ્ય તરીકે ખૂબજ પ્રભાવશાળી રીતે તેમનું કર્તવ્ય નિભાવેલ જેનો હું સાક્ષી છુ , ભાજપ માં સામેલ થવાથી તેમના અનુભવ અને કાર્યક્ષમતા થી ધારાસભ્ય તરીકે ઉમદા સેવા કરી કપરાડા વિધાનસભા માં સમાવિષ્ટ વિસ્તાર નો સર્વાંગી વિકાસ હરણફાળ ભરશે તેવો મને વિશ્વાસ છે ,દરેક સ્થળો પર ઉપસ્થિત લોકોએ ભાજપ માં વિશ્વાસ વ્યક્ત કરી જીતુભાઇ ને જંગી બહુમતીએ વિજય અપાવવા અમારા વિસ્તાર નાં ગામો માં એક તરફી ભાજપ ને સમર્થન નો સધિયારો આપેલ ,અન્ય ભાજપ અગ્રણીઓ માં તાલુકા પંચાયત નાં પ્રમુખ સુમિત્રા બેન , માજી તાલુકા પંચાયત પ્રમુખ બાબુભાઈ રાઉત , મહેશ ભાઈ ભટ્ટ (વાપી ) ,ધરમપુર તાલુકા ભાજપ પ્રમુખ કેતન વાઢૂ , ઉમરગાવ તાલુકા ભાજપ મહામંત્રી રામદાસ વરઠા , પ્રદેશ યુવા ભાજપ નાં કારોબારી સભ્ય સિદ્ધાર્થ ભાઈ , વલસાડ તાલુકા યુવા ભાજપ પ્રમુખ કેયુર ભાઈ , જિલ્લા પંચાયત નાં સભ્ય ભગવાન ભાઈ બાતરી , , સુરેશભાઈ , સરપંચશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહેલ .

# જિલ્લા સમાહર્તાશ્રીના હસ્તે "માધવ રામાનુજ સર્જક પ્રતિભા" પુસ્તકનું અનાવરણ

કમલમ દૈનિક,

સાબરકાંઠા જિલ્લા સમાહર્તા શ્રી સી.જે. પટેલના હસ્તે ડૉ. કૌશલ સોરઠીયા લીખીત પુસ્તક "માધવ રામાનુજ સર્જક પ્રતિભા"નું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા સમાહર્તાશ્રીએ પુસ્તકના રચયિતા ડો. સોરઠીયાને અભિનંદન પાઠવ્યા હતા. આ સંશોધન પુસ્તક "માધવ રામાનુજ સર્જન પ્રતિભા" નો રસાસ્વાદ હવે સાબરકાંઠાના સાહિત્ય પ્રેમીઓને મળી રહેશે.

ડો. સોરઠીયાએ આ પુસ્તકમાં ગુજરાતના જાણીતા સાહિત્યકાર, નવલકથાકાર, નાટ્યકાર, કવિ એવા શ્રી માધવ રામાનુજના અત્યાર સુધીના જીવન-કવનને આવરી લઈ ગુજરાતી સાહિત્ય જગતમાં તેમનો અમૂલ્ય ફાળા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. સાહિત્યકારના જીવન ઘડતરથી લઈને તેમની સી.એન. ફાઈન આર્ટ્સની યશસ્વી કામગીરી, પુત્રીના અપમૃત્યુ જેવી ઘટનાઓનું વિશ્ર્લેષણ આપતા જઈને સર્જકના જીવન અને સર્જનશીલતાની ખુબ જ સુંદર સમિક્ષા આ પુસ્તકમાં સંશોધકશ્રી સોરઠીયાએ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પુસ્તકનું વિમોચન ગુજરાતના



જાણીતા સાહિત્યકાર અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ડો. રઘુવીર ચૌધરીના હસ્તે તેમના પરીવારની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

